બેદરકારીનું પરિણામ

ભરૂચ જિલ્લામાં ખુલ્લી ગટરોને કારણે બે ઘટનામાં વધુ બેનાં મોત થતાં લોકોમાં આક્રોશ

ખુલ્લી ગટરો મોતના કૂવા

» બે દિવસમાં આમોદના મછાસરા ગામમાં માસૂમ વિહાન અને વાલિયાના મોદલીયા ગામની આરોહીનું મોત » બે ઘટના બાદ બેદરકારી દાખવનાર જવાબદાર સંસ્થાઓ, કોન્ટ્રાક્ટરો કે અધિકારીઓ સામે કડક પગલાં લેવા માંગ ઊઠી

ભરૂચ, આમોદ: ભરૂચ જિલ્લામાં ખુલ્લી ગટરો નિર્દોષ બાળકો માટે કાળ ભરખી જતી હોય તેવી ઘટનાઓ સતત વધી રહી છે. આમોદના મછાસરા બે વર્ષના વિહાનના મોત બાદ વાલિયાના મોદલીયા ગામે ગટરમાં પડી જવાથી ચાર વર્ષની બાળકીનું મોત થયું હતું.

વાલિયાના મોદલીયા ગામના પીપળી ફળિયામાં પુષ્પાબેન અશોકભાઈ વસાવાની ચાર વર્ષની માસૂમ દીકરી આરોહી ઘર પાસે અન્ય બાળકો સાથે રમી રહી હતી. રમતા-રમતા તે અચાનક ઘર નજીક આવેલી ખુલ્લી ગટરમાં ઊંધા માથે પટકાઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં માતા સહિત પરિવારના લોકો તરત દોડી આવ્યા હતા. તેમણે બેભાન આરોહીને સારવાર માટે પહેલા નેત્રંગ અને પછી રાજપીપળા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જોકે, ડોક્ટરોની સારવાર મળે એ પહેલાં જ આરોહીને કાળ ભરખી ગયો હતો. દીકરીના મોતના સમાચાર મળતાં પરિવાર પર દુ:ખનો પહાડ તૂટી પડ્યો હતો. મોદલીયા ગામ પંચાયતોમાં ખુલ્લી ગટરોને લઈને પ્રશ્નાર્થ ઉદભવી રહ્યો છે. જો રહેણાક વિસ્તારમાં ખુલ્લી ગટરો ન હોય તો આવી ગમગીન દુર્ઘટના સ્વરૂપ ન લેત. જોકે, આ અંગેની જવાબદારી અને બેદરકારી વિશે સત્તાવાર તપાસ પછી જ સ્પષ્ટતા થશે.

બીજી તરફ મછાસરાના રહેવાસી શૈલેષભાઈ અરવિંદભાઈ રાઠોડના બે વર્ષના પુત્રનું વરસાદી ખુલ્લી કાંસમાં ડૂબી જવાથી મોત થયું હતું. આમોદ પંથકમાં છેલ્લા બે દિવસમાં વરસાદ પડ્યો હોવાથી ગટરોમાં પાણીનું વહેણ વધી ગયું હતું. મૃતક વિહાનના ઘર નજીક આવેલી વરસાદી ખુલ્લી કાંસમાં તપાસ કરતાં તેમાંથી નવી નગરી પાસે આવેલી અબ્બાસ બાપાની દુકાન નજીક વરસાદી કાંસમાંથી માસૂમ વિહાન રાઠોડનો મૃતદેહ મળી આવ્યો હતો. બાળકના દુ:ખદ અવસાનની જાણ થતાં પરિવારજનોમાં આક્રંદ ફેલાયો હતો. ઉલ્લેખનીય છે કે, મછાસરા ગામમાં પણ ખુલ્લી ગટરમાં પડી જવાથી બે વર્ષના વિહાનનું મોત સાથે જ હાલમાં મોદલીયા ગામે ખુલ્લી ગટરે એક બાળકીનો જીવ લીધો છે. બે દિવસમાં બે ઘટના બાદ બેદરકારી દાખવનાર જવાબદાર સંસ્થાઓ, કોન્ટ્રાક્ટરો કે અધિકારીઓ સામે કડક પગલાં લેવા માંગ ઊઠી છે.

તંત્ર સામે સીધા સવાલો

» રહેણાક વિસ્તારોમાં ખુલ્લી ગટરો અને વરસાદી કાંસ રાખવા બદલ કયા અધિકારી કે પંચાયત વિરુદ્ધ કાર્યવાહી થશે?
» ચોમાસા પહેલાં ખુલ્લી ગટરો પર ઢાંકણા ઢાંકવાની પ્રાથમિક કામગીરી કેમ પૂરી કરવામાં ન આવી?
» આવો જાનલેવા ભય દૂર કરવા માટે હજુ કેટલા નિર્દોષોના જીવ જવાની રાહ જોવામાં આવશે?

અંકલેશ્વરમાં મોતની ઘટનામાં યુવાનના પરિજનોને AAPની સાંત્વના

અંકલેશ્વર: અંકલેશ્વર શહેરના અંતરનાથ મહાદેવ મંદિર નજીક ગતરોજ મોપેડ સવારોને અકસ્માત નડતાં 2 પૈકી એક યુવાનનું ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. મોપેડ ગટર લાઇનના ખાડામાં ખાબકતા આ અકસ્માત સર્જાયો હોવાનું બહાર આવ્યું છે, ત્યારે આશાસ્પદ યુવાનના મોત બાદ અંકલેશ્વર આમ આદમી પાર્ટીના આગેવાનો અને કાર્યકરોએ મૃતકના પરિવારજનોની મુલાકાત લઈ દુ:ખની ઘડીમાં સાંત્વના પાઠવી હતી. આ સાથે જ સ્થાનિકો અને યુવાનોએ રજૂઆત કરી હતી કે, વિસ્તારમાં ખુલ્લી અને ઊભરાતી ગટર, કચરો-ગંદકી, તૂટેલા રોડ અને મોટા ખાડાઓની સમસ્યા લાંબા સમયથી છે. વારંવાર ફરિયાદો છતાં યોગ્ય કામગીરી નહીં થતી હોવાનો સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે. જો અંગે સમયસર કાર્યવાહી ન કરાય તો પાલિકા કચેરી ખાતે વિરોધ પ્રદર્શનની ચીમકી ઉચ્ચારી છે.

તાપી જિલ્લામાં ફૂડ સેફ્ટી વિભાગનું શાળાઓ અને છાત્રાલયોમાં ચેકિંગ

શૈક્ષણિક સંસ્થાઓમાંથી ૧૯ ખાદ્ય પદાર્થના નમૂના લેવાયા

વ્યારા: તાપી જિલ્લામાં વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સઘન ઝુંબેશ હાથ ધરાઈ હતી. વિભાગના ફૂડ સેફ્ટી ઓફિસરો દ્વારા ગત તા.૧૦ અને ૧૧ સપ્ટેમ્બરના રોજ જિલ્લાની વિવિધ આશ્રમશાળાઓ, સરકારી શાળાઓ તેમજ આંગણવાડી કેન્દ્રોની આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. જિલ્લામાં બે દિવસ દરમિયાન થયેલ ચેકિંગમાં અધિકારીઓએ વ્યારા, વાલોડ અને ઉકાઇ પંથકની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાંથી ૧૯ જેટલા ખાદ્ય પદાર્થના નમૂના જરૂરી પરીક્ષણ માટે એકત્ર કર્યા હતા, જેમાં વ્યારાના બોરખડી સ્થિત જવાહર નવોદય વિદ્યાલય અને ગ્રામ સેવા સમાજ આશ્રમશાળા, વાલોડના ગોદન ખાતેની વેડછી પ્રદેશ સેવા સમિતિ વાલોડ સ્નેહકુંજ કુમાર છાત્રાલય તેમજ વ્યારામાં ગ્રામ સેવા સમાજ સંચાલિત દક્ષિણાપથની વિવિધ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક છાત્રાલયોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ઉકાઇ અને આસપાસના વિસ્તારની આમલીપાડા, દુમદા અને દુમદા ટાંકલી પ્રાથમિક શાળાઓ તેમજ દુમદા આંગણવાડી કેન્દ્રમાંથી પણ ફૂડ સેમ્પલ લેવામાં આવ્યાં હતાં. ફૂડ સેફ્ટી ઓફિસરો દ્વારા ભવિષ્યમાં બાળકોના ખોરાક બાબતે કોઈ બેદરકારી ન રહે એ સુનિશ્ચિત કરવા માટે સંબંધિત સંસ્થાઓને ઇમ્પ્રુવમેન્ટ નોટિસ પણ આપવામાં આવી હોવાનું તાપી ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ડેઝિગ્નેટેડ ઓફિસર દ્વારા જાણવા મળ્યું હતું.

ઝરપણ ગામમાં સરકારી જમીન પર દબાણના આક્ષેપ, ગ્રામજનોનું આવેદન

પશુપાલકો અને ભરતીની તૈયારી કરતા યુવાનો માટે જમીન ખુલ્લી કરવા માંગ

વિનોદ મૈસુરીયા

વાંકલ: ઉમરપાડાના ઝરપણ ગામે સરકારી બ્લોક/સરવે નં.૯૮ની સરકારી તથા ગોચર જમીન પર દબાણ કરવામાં આવ્યું હોવાના આક્ષેપ સાથે ગ્રામજનોમાં રોષ જોવા મળી રહ્યો છે. આ મામલે ગામના આગેવાનો, વડીલો અને યુવાનો દ્વારા રિટાયર્ડ કલેક્ટર જગતસિંહ લાલજીભાઈ વસાવા સામે વિરોધ નોંધાવી ઉમરપાડા મામલતદારને મહામહિમ રાજ્યપાલને સંબોધીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. ગ્રામજનોએ આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, સરવે નં.૯૮માં જમીનનો સમાવેશ થાય છે અને આ જમીન સરકારી તથા ગોચર હોવાનો તેમનો આક્ષેપ છે. દબાણના કારણે ગામના પશુપાલકોને મુશ્કેલી પડી રહી છે. ઉપરાંત સરકારી ભરતીની તૈયારી કરતા વિદ્યાર્થીઓ અને યુવાનો માટે રમતગમત તથા પ્રેક્ટિસ માટે પૂરતી જગ્યા ઉપલબ્ધ ન હોવાથી હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું. ગ્રામજનોએ સરકારી-ગોચર જમીન પરથી દબાણ દૂર કરી જમીન પશુપાલકો તથા યુવાનો માટે ખુલ્લી કરવામાં આવે તેમજ નિયમોનું ઉલ્લંઘન થયું હોય તો જવાબદાર સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી છે. આ બાબતે ઝરપણ ગામના સરપંચનો ટેલિફોનિક સંપર્ક કરવાનો પ્રયત્ન કરવા છતાં તેમણે ફોન રિસીવ કર્યો ન હતો.

જમીન ટ્રસ્ટના નામે સરકારે આપી છે: રિટાયર્ડ કલેક્ટર જગતસિંહ વસાવા

જગતસિંહ વસાવાએ જણાવ્યું હતું કે, જમીન ટ્રસ્ટના નામે સરકારે આપી છે. જેથી એ ગોચર મટી જાય છે. બીજી ગોચરની જમીનો સરપંચે ખેડવા માટે આપી છે, તો એમના માટે કેમ કાર્યવાહી કરવામાં આવી નથી? પંચાયત એક્ટ મુજબ સરપંચે કાર્યવાહી કરવાની હોય છે. સરપંચ પોતે પણ જંગલ ખાતાની જમીન ખેડે છે. તેમની સામે કેમ કાર્યવાહી કરવામાં આવતી નથી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, રિઝર્વ ફોરેસ્ટમાં મંદિર બાંધવામાં આવ્યું છે તો તેની કાર્યવાહી કેમ નહીં? આ બાબતે કાર્યવાહી કરવામાં આવે.

ભામૈયામાં લાકડીથી હુમલામાં યુવાનનું મોત થતાં મનુષ્ય વધનો ગુનો દાખલ

લગ્નપ્રસંગમાં થયેલા ઝઘડાની અદાવત રાખી મંગા રાઠોડે અર્જુન પર હુમલો કર્યો હતો

બારડોલી: બારડોલીના ભામૈયામાં અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી એક યુવાન પર લાકડીથી હુમલો કરવામાં આવતાં ઘાયલ હાલતમાં તેને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાની ઘટના સામે આવી છે. આ બનાવ સંદર્ભે મૃતકના મોટા ભાઈએ બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં હુમલાખોર સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે ખૂન ન ગણાય તેવા ગુનાહિત મનુષ્યવધનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બારડોલીના ભામૈયા ગામના ટેકરા ફળિયામાં રહેતા અને કડિયાકામની મજૂરી કરતા પરેશભાઈ શંકરભાઈ રાઠોડે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. તેમની ફરિયાદ મુજબ ગત તા.૬ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ રાત્રિના આઠેક વાગ્યાના સુમારે તેમનો નાનો ભાઈ અર્જુન (ઉં.વ.૩૦) ગામના ક્રિકેટ ગ્રાઉન્ડ પર અન્ય મિત્રો સાથે બેઠો હતો.

એ સમયે ગામમાં જ રહેતો મંગા મોહન રાઠોડ ત્યાં આવ્યો હતો અને અગાઉ તેના ઘરે લગ્નપ્રસંગમાં થયેલા ઝઘડાની અદાવત રાખી બોલાચાલી કરવા લાગ્યો હતો. ત્યારબાદ મંગાએ ઉશ્કેરાઈ જઈ ત્યાં પડેલા લાકડા વડે અર્જુનને ડાબા પગે જાંઘના ભાગે સપાટા માર્યા હતા તેમજ છોડાવવા વચ્ચે પડેલા અન્ય લોકોને પણ માર માર્યો હતો.

આ બનાવમાં અર્જુનને જાંઘના ભાગે લાકડી વાગી હતી અને તેમના ખિસ્સામાં રહેલો મોબાઈલ પણ તૂટી ગયો હતો. આ હુમલા બાદ અર્જુનને ડાબા પગની જાંઘના ભાગે દુખાવો થતો હોવાથી તેમને મોરી ગામે ખાનગી દવાખાને અને ત્યારબાદ ફૂલવાડી ગામે હાડવૈદ્ય પાસે સારવાર અપાવી હતી.

જોકે, લાકડીના સપાટાના મારના કારણે જાંઘમાં સોજો આવી ગયો હતો અને લોહી જામી ગયું હતું. તા.૧૨ સપ્ટેમ્બરના રોજ અર્જુનને અસહ્ય દુખાવો ઉપડતાં પ્રથમ મોરી સરકારી દવાખાને અને ત્યારબાદ બારડોલીની સત્યાગ્રહ સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. હોસ્પિટલમાંથી તેને વધુ સારવાર માટે અન્ય હોસ્પિટલમાં રિફર કરવામાં આવતાં રસ્તામાં જ બપોરે બાર વાગ્યાની આસપાસ અર્જુનનું મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે પરિવારમાં શોકની કાલીમા છવાઈ ગઈ હતી.

આ બનાવ અંગે મૃતકના ભાઈ પરેશની ફરિયાદના આધારે પ્રથમ અકસ્માત મોત અને ત્યારબાદ બારડોલી રૂરલ પોલીસે આરોપી મંગા મોહન રાઠોડ મનુષ્યવધનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કેસની તપાસ બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર પ્રદ્યુમનસિંહ નટુભા જાડેજા ચલાવી રહ્યા છે.

અંકલેશ્વરમાં કતલના ઈરાદે લઈ જવાતો ભેંસો ભરેલો ટેમ્પો ઝડપાયો

ટેમ્પોચાલક સહિત બે પકડાયા, એક વોન્ટેડ

અંકલેશ્વર: અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે નેશનલ હાઈવે-48 પર અમરતપરા પાટિયા અને મોતાલી પાટિયા વચ્ચે અમરાવતી ખાડીના બ્રિજ પાસેથી કતલના ઈરાદે ધુલિયા લઈ જવાતી 12 ભેંસને મુક્ત કરાવી છે.

ગૌરક્ષકો સાથે મળીને પોલીસે બાતમીના આધારે ભેંસો ભરેલા આઈસર ટેમ્પોને અટકાવી તપાસ હાથ ધરી હતી. પોલીસે આઈસર ટેમ્પોની તપાસ કરતાં તેમાં 12 જેટલી ભેંસોને ખીચોખીચ ભરવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. આ કાર્યવાહી દરમિયાન પોલીસે રૂ.2.40 લાખની કિંમતના પશુઓ, રૂ.6 લાખનો આઈસર ટેમ્પો અને બે મોબાઈલ ફોન સહિત કુલ રૂ.8.58 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે આ મામલે સેલંબાના જમાદાર ફળિયામાં રહેતા ટેમ્પો ચાલક અકબર રમજુ મકરાણી અને ક્લીનર સાજીદ વલ્લી પટેલની ધરપકડ કરી હતી. જ્યારે ભેંસો ભરી આપનાર લાલુ યુસુફ અન્નાને વોન્ટેડ જાહેર કરી તેની સામે પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
ઈ– ટેન્ડરીંગ જાહેરાત

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

અ.નં.	પી.આર.ઓ. નંબર	વિભાગનું નામ	કામની સંખ્યા	અંદાજિત રકમ
૧	૪૦૧/૨૬-૨૭	સયાજીબાગ ઝૂ	૦૧	૪૦,૦૦,૫૦૦/-
૨	૪૦૨/૨૬-૨૭	રોડ પ્રોજેક્ટ	૦૧	૧,૨૫,૦૦,૦૦૦/-
૩	૪૦૩/૨૬-૨૭	પા.પુ.(વિતરણ)	૦૧	૭૫,૦૦,૦૦૦/-

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.
પી.આર.ઓ.નં.૪૦૭/૨૦૨૬-૨૭ — જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

(ટૂંકી મુદતની જાહેર નિવિદા નં-૯ સને. ૨૦૨૬-૨૭)

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી ના.કા.ઇ. (મા×મ) પેટા-વિભાગ માંડવી દ્વારા અત્રેની પેટા વિભાગીય કચેરી હસ્તક આવેલ રેસ્ટ હાઉસ તથા ઓફીસ ખાતે અપકીપીંગની સુવિધા પુરી પાડવાની કામગીરી કરવા માટે ઈ-૧ તથા તેની ઉપરની કક્ષાના નોંધણી ધરાવનાર માન્ય ઈજારદારો પાસેથી રજી.પોસ્ટ એ.ડી. અથવા સ્પીડ પોસ્ટ થી ટેન્ડરો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની તારીખ: ૨૨/૦૯/૨૦૨૬ અને પરત મેળવવાની તારીખ: ૨૯/૦૯/૨૦૨૬. આ કામોની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે કચેરીના જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઇજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

નાયબ કાર્યપાલક ઇજનેર
(મા×મ) પેટા વિભાગ
માંડવી

ક્રમાંક: માહિતી-સુરત/૬૧૧/૨૦૨૬

ઈબ્રાહીમ કાનુ

કોસંબામાં પોલીસનું ફૂટ પેટ્રોલિંગ

હથોડા: તાજેતરમાં તરસાડી અને પોલીસ મથક જ વિસ્તારમાં ગણેશની પ્રતિમાઓનું સ્થાપન થયું છે. મોડી રાત સુધી ચાલતી પૂજા પાઠ અને કોઈ અનિચ્છનીય બનાવ નહીં બને એ માટે કોસંબા પોલીસ મથકના પીઆઇ ઠુમ્મર તમામ પોલીસ સ્ટાફ સાથે કોસંબા-તરસાડીના રાજમાર્ગ પર ફૂટ પેટ્રોલિંગ યોજી તહેવાર દરમિયાન શાંતિ જાળવવા માટે પોલીસ ખડે પગે હોવાનો જનતાને અહેસાસ કરાવ્યો હતો.

નિઝરના ગામડી જેટકો સબ સ્ટેશનના ધાંધિયાથી લોકો પરેશાન

કુકરમુંડા: નિઝરના ગામડી સ્થિત જેટકો વીજ સબ સ્ટેશનમાંથી છેલ્લા એક મહિનાથી વધુ સમયથી લક્ષ્મીખેડા, ગામડી, પીપરીપાડા સહિત ૧૦ જેટલાં ગામોમાં અનિયમિત વીજ પુરવઠો મળી રહ્યો છે. જ્યોતિ ગ્રામ યોજના હેઠળ સવાર અને સાંજે વીજળી ગુલ થઈ જતાં દૂધ કાઢવા, રસોઈ બનાવવા અને સબમર્સિબલ પંપ વડે પીવાનું પાણી ભરવામાં ભારે મુશ્કેલી પડી રહી છે.

SURAT MUNICIPAL CORPORATION
FIRE AND EMERGENCY SERVICES
E-Tender No. Deputy Commissioner/FES/07/2026-27

FIT INDIA

E-Tender (Online) Notice No. Deputy Commissioner/FES/07/2026-27. Tender are invited for the following works through online on https://smctender.nprocure.com

1	NAME OF THE DEPARTMENT	FIRE & EMERGENCY SERVICES
2	NO. OF WORKS	01
3	TOTAL ESTIMATED COST OF TENDER (RS. IN CRORE)	1.80

The detail Tender notice will be made available on web site www.suratmunicipal.gov.in or www.suratmunicipal.org

P.R.O. No. 234/2026-27
Date: 16/09/2026

Deputy commissioner
Surat Municipal Corporation

ઓનલાઇન ટેન્ડરીંગ
માર્ગ અને મકાન વિભાગ, ભરૂચ
જાહેર નિવીદા નં. ૧૨ સને ૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના નામે અને વતીથી કાર્યપાલક ઈજનેરશ્રી ભરૂચ (મા.મ) વિભાગ, ગાયત્રીનગર, ભરૂચ કોડ નં. ૩૯૨૦૦૧ (ફોન નં. ૦૨૬૪૨-૨૬૧૩૯૪) હસ્તક આવેલ મકાનોના રીપેરીંગના ૦૭ કામ રોડ રીપેરીંગના ૦૧ કામ તેમજ ટી.પી.આઈના ૦૨ કામ જે કુલ ૧૦ કામના ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવે છે. જેની અંદાજી કિંમત રૂા.૪.૧૬ લાખ થી રૂા.૬૪૨.૮૬ લાખ વચ્ચે છે.

ઉપરોક્ત કામના ટેન્ડર ડોક્યુમેન્ટ http:/tender.nprocure.com વેબસાઈટ ઉપર તા. ૨૮/૦૯/૨૦૨૬ સુધી ઉપલબ્ધ રહેશે તથા માહીતી ખાતાની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળશે. નિવીદામાં થનાર ફેરફાર વેબસાઈટ પર જોવા મળશે.

માહિતી/ભરૂચ/૩૦૫/૨૦૨૬

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

પુણા કુંભારીયા શાખા : પ્લોટ નં. ૧૨–૧૩, ટાટા મોટર્સ ઓટો પોઈન્ટ નજીક, મુ.મગોબ, તા.ચોર્યાસી, જી.સુરત–૩૯૫૦૧૦ ફોન : ૦૨૬૧–૨૬૪૦૦૨૯, ૨૬૪૦૦૩૦ Email : punsur@bankofbaroda.com

પરિશિષ્ટ–૪ (જુઓ રૂલ ૮(૧)કબજા નોટીસ (સ્થાયી મિલકત)

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**, ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૨૭.૧૦.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર **શ્રી શ્યામનારાયણ નગીના પ્રજાપતિ (દેવાદાર) શ્રીમતી ગુડીયા પ્રજાપતિ (સહ–દેવાદાર)**, ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૨૦,૪૨,૯૮૪/–તા.૨૭/૧૦/૨૦૨૫ ના રોજના + તેના પર લાગુ નહી કરેલ વ્યાજ + કાનુની અને અન્ય ખર્ચાઓ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ એક્ટની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૧૩મી સપ્ટેમ્બર સન ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો **પ્રત્યક્ષ કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા પુણા કુંભારીયા શાખા** ની રકમ **રૂા.૨૦,૪૨,૯૮૪/– તા.૨૭/૧૦/૨૦૨૫ ના રોજના + તેના પર લાગુ નહી કરેલ વ્યાજ + કાનુની અને અન્ય ખર્ચાઓ** ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે ' ધીરજ નગર–૧' તરીકે ઓળખાતી નો પ્લોટ નં.૨૬૮ આશરે માપ ૪૧.૨૫ ચો.મી, તેનો બાંધકામનું એરિયા માપ ૩૨.૭૧ ચો.મી, એન.એ જમીનનો ફાઈનલ પ્લોટ નં.૧૮/એ, ૧૮/બી, અને ૧૮/સી પૈકી ૧૮/એ, ટી.પી.સ્કીમ નં.૬૯ (ડિંડોલી–ગોડાદરા), રેવન્યુ સર્વે નં.૭૭/૧, ૭૭/૨, ૭૮/૨, ૭૯ અને ૮૦, બ્લોક નં.૮૪, મોજે ગામ.ગોડાદરા, સબ ડિસ્ટ્રીક્ટ. સુરત સીટી, જી. સુરત ખાતે શ્રી શ્યામનારાયણ નગીના પ્રજાપતિ ની માલિકીની આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : પ્લોટ નં.૨૬૭, **પશ્ચિમ તરફ** : પ્લોટ નં.૨૬૯, **ઉત્તર તરફ** : સોસાયટી રોડ, **દક્ષિણ તરફ** : પ્લોટ નં.૨૯૫

તા.૧૩.૦૯.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, પુણા કુંભારીયા શાખા

यूको बैंक UCO BANK (A Govt. Of India Undertaking) HONOURS YOUR TRUST

હજીરા શાખા : દુકાન નં.૧ થી ૪ શ્રી હરિઓમ ગંગેશ્વર નગર, ઈચ્છાપોર–૩, હજીરા રોડ, સુરત–૩૯૪૫૧૦ ફોન : ૦૨૬૧–૨૮૪૧૫૦૦ email : hazira@ucobank.co.in

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) [સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **યુકો બેંક** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૦૩.૦૬.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને **દેવાદાર/ગીરવેદાર શ્રી કલ્પેશ રવજીભાઈ કોટડીયા (દેવાદાર અને ગીરવેદાર), શ્રી રવજીભાઈ કુરજીભાઈ કોટડીયા (સહ–દેવાદાર), અને શ્રીમતી કમલાબેન રવજીભાઈ કોટડીયા (સહ–દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૧૧,૩૩,૮૪૧.૯૫/– (અંકે રૂા. અગિયાર લાખ તેત્રીસ હજાર આઠસો એકતાલીસ અને પંચાણુ પૈસા પુરા) વત્તા વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા.૧૧મી સપ્ટેમ્બર ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **યુકો બેંકની રકમ રૂા.૧૧,૩૩,૮૪૧.૯૫ વત્તા વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** ને આધીન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત જે જમીન અને બિલ્ડીંગ'કામધેનુ રેસીડેન્સી' નો પ્લોટ નં.૨૪૬ માપ ૪૪.૬૧ ચો.મી. જે જમીનમાં ૨૭.૨૩ ચો.મી. માં આવેલ રોડ અને સીઓપી ના વણવહેંચાયેલ હિસ્સા સહિત કુલ માપ ૭૧.૮૪ ચો.મી., જમીન રે.સ.નં. ૧૭૨,૧૭૩,૧૭૪, બ્લોક નં.૨૧૩/એ, માપ ૨૩૮૦૦ ચો.મી, મોજે ગામ વેલંજા, સબ– ડિસ્ટ્રીક્ટ. કામરેજ, જી.સુરત ખાતે આવેલ છે.

તા.૧૧.૦૯.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, યુકો બેંક

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

આશાનગર શાખા : જશ આર્કેડ, ક્રિષ્ણા સોસાયટી, આશા નગર, નવસારી ગુજરાત–૩૯૬૪૪૫, ફોન નં. ૬૩૫૨૫૫૩૪૭૧ email : vjnavs@bankofbaroda.com

પરિશિષ્ટ ૪ [જુઓ રૂલ ૮(૧)] કબજા નોટીસ

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**, ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ (રૂલ્સ ૮) સાથે વંચાણે લઈ **તા.૧૦.૧૧.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર **શ્રીમતી દિપીકાબહેન જયકુમાર ગાંધી** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૩,૦૮,૩૨૦.૫૭ (અંકે રૂા. તેર લાખ આઠ હજાર ત્રણસો વીસ અને સત્તાવન પૈસા પુરા) તા.૧૦.૦૯.૨૦૨૫ ના રોજના (તા. ૧૦.૦૯.૨૦૨૫ ના રોજ થી વ્યાજ સહિત)** અને તેના ઉપરના વધારાના વ્યાજ અને ખર્ચાઓ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો/ગીરવેદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર/ગીરવેદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩(૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદાર/ગીરવેદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૧૩,૦૮,૩૨૦.૫૭ (અંકે રૂા. તેર લાખ આઠ હજાર ત્રણસો વીસ અને સત્તાવન પૈસા પુરા) તા.૧૦.૦૯.૨૦૨૫ ના રોજના (તા. ૧૦.૦૯.૨૦૨૫ થી વ્યાજ સહિત)** વધારાનું વ્યાજ અને ખર્ચાઓ સહિત સંપૂર્ણ ચુકવણી સુધીના ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે રેવન્યુ સર્વે નં.૩૨૧/૧/૧ એકીકરણ પછી નવો સર્વે નં. ૭ જમીન કુલ માપ ૪૦૭૦.૪૭ ચો.મીટર માં ડેવલ્પ થયેલ 'પનેશા' વિંગ 'એ', 'બી' અને 'સી' પૈકી– સી–૧, વિંગ 'સી' બિલ્ડીંગ ના ૪થા માળ નો ફ્લેટ નં. સી–૧/૪૧૨ ફ્લેટ ના બાંધકામ નું માપ ૫૫.૭૬ ચો.મી, સુપર બિલ્ટઅપ એરીયા, બિલ્ટઅપ એરીયા માપ ૩૮.૪૭ ચો.મીટર અને કારપેટ એરીયા માપ ૩૩.૪૬ ચો.મી, મ્યુનીશીપલ ઘર નં. ૨૩૪૯/૮૭, વોર્ડ નં. ૬ વણવહેચાયેલ હિસ્સા, વીજલપોર, તા. નવસારી સીટી, જી. નવસારી ખાતે શ્રીમતી દિપીકાબહેન જયકુમાર ગાંધી ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વે** : સંલગ્ન ફ્લેટ નં. સી–૧/૪૧૧, **પશ્ચિમે** : સંલગ્ન ફ્લેટ નં. સી–૧/૪૧૩, **ઉત્તરે** : પેસેજ, **દક્ષિણે** : ૧૫.૦૦ ફુટ સોસાયટી રોડ આવેલ છે.

તા.૧૫.૦૯.૨૦૨૬ । સ્થળ : નવસારી — ચીફ મેનેજર અને અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા આશા નગર શાખા